# પોલીસ કમિશનર કચેરીના પ્રાંગણમાં કોસંબાના યુવકે ફિનાઈલ ગટગટાવ્યું

**‘મને** મરવા મજબૂર કર્યો છે’ના આક્ષેપ સાથે યુવકનો આત્મહત્યાનો પ્રયાસ

**પોલીસ** છાવણીમાં મચી દોડધામ, યુવક સિવિલમાં દાખલ, હાલત ગંભીર

સુરતઃ પોલીસ કમિશનર કચેરીના મુખ્ય પ્રવેશદ્વારે જ આજે બપોરે કોસંબાના એક યુવકે ફિનાઈલ પી લેતાં પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ હતી.

આજે શુક્રવારના બપોરના સમયે પોલીસ કમિશનર કચેરીના એચ.કે. પોઈન્ટ પાસે એક યુવક શંકાસ્પદ અને માનસિક તણાવમાં આટાંફેરા મારતો નજરે પડ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, આ યુવક કંઈક રજૂઆત કરવા આવ્યો હોય તેવું લાગતું હતું, પરંતુ અચાનક તેણે પોતાની પાસે રહેલી ફિનાઈલની બોટલ કાઢી હતી. આસપાસના લોકો કઈ સમજે તે પહેલાં જ તેણે ‘મને મરવા માટે મજબૂર કર્યો છે, હવે મારી પાસે બીજો કોઈ રસ્તો નથી’ તેમ કહી ફિનાઈલ ગટગટાવી લીધું હતું. યુવકે ફિનાઈલ પીતાની સાથે જ તે રસ્તા પર ઢળી પડ્યો હતો. કચેરીના ગેટ પર તૈનાત ટીઆરબી જવાન લક્ષ્મણ નેપાળી અને અન્ય પોલીસ કર્મચારીઓએ સમયસૂચકતા વાપરી તુરંત એમ્બ્યુલન્સ બોલાવી હતી. 108ની ટીમે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક સારવાર આપી યુવકને સુરતની નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ખસેડ્યો હતો, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આત્મહત્યાનો પ્રયાસ કરનાર યુવક સુરત જિલ્લાના કોસંબા વિસ્તારનો રહેવાસી છે. તે કયા કારણોસર કમિશનર કચેરીએ આવ્યો હતો અને તેને કોણે મરવા માટે મજબૂર કર્યો હતો, તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી મળી નથી. પોલીસ કમિશનર કચેરી જેવા સંવેદનશીલ સ્થળે બનેલી આ ઘટનાએ અનેક સવાલો ઊભા કર્યા છે. હાલ પોલીસ દ્વારા આ મામલે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી છે. વધુમાં ત્યાં હાજર ટીઆરબી જવાને જણાવ્યું હતું કે, અમે ડ્યુટી પર હતા ત્યારે એક છોકરો આવ્યો અને અચાનક ફિનાઈલ પી લીધું. તે રડતા રડતા કહેતો હતો કે હું કોસંબાથી આવ્યો છું અને કંટાળી ગયો છું, મને મરવા માટે મજબૂર કરવામાં આવ્યો છે.

**પતિના મોતના આઘાતમાં પત્ની બેભાન થઇ ગઇ**

# ટ્રક ચાલકે દંપતીને અડફેટે લેતા પતિનું મોત

**પલસાણાથી** દવા લેવા સુરત આવતા હતા ત્યારે ડુંભાલ નજીક અકસ્માત સર્જાયો

**તડકો** હોવાથી પત્નીએ ના પાડી છતાં પતિ માન્યો નહીં અને બંને દવા લેવા નીકળ્યાં

સુરતઃ ડુંભાલ લેન્ડમાર્ક ચાર રસ્તા પાસે ટ્રક ચાલકે પલસાણાના દંપતીની બાઈકને અડફેટે લેતા પતિનું ઘટનાસ્થળે મોત થયું હતું. પત્નીને સામાન્ય ઈજા પહોંચી હતી. દંપતી પલસાણાથી પરવટપાટિયા ખાતે દવા લેવા આવતા હતા. ત્યારે રસ્તામાં અકસ્માત નડ્યો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ બિહારના બકસર જિલ્લાના વતની કમલેશકુમાર રામાશંકર પરમાર (46 વર્ષ) હાલ પલસાણા ખાતે આવેલ ઊર્મિલાનગર સોસાયટીમાં પત્ની ચિંતાદેવી તેમજ બે સંતાન સાથે રહેતો હતો. તે ચાની કેન્ટીન ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. કાલે બપોરે કમલેશકુમાર અને પત્ની ચિંતાદેવી બાઈક ઉપર પર્વતપાટિયા ખાતે દવા લેવા માટે નીકળ્યા હતા. દરમિયાન દંપતી ડુંભાલ લેન્ડમાર્ક ચાર રસ્તા પાસે ગ્રીન ટ્રાન્સપોર્ટની સામેથી પસાર થતા હતા. ત્યારે ટ્રક ચાલકે દંપતીની બાઈકને ટક્કર મારતાં તેઓ રોડ ઉપર પટકાયા હતા. દરમિયાન કમલેશકુમારના માથા ઉપરથી ટ્રકનું ટાયર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. પત્નીની નજર સામે જ પતિનું મોત થતાં ચિંતાદેવી આઘાતમાં બેભાન થઈ ગયા હતા. જ્યારે ચિંતાદેવીને હાથ અને કમરના ભાગે ઈજાઓ પહોંચી હતી. ચિંતાદેવીની સુરતમાં સારવાર ચાલી રહી હતી. જેથી ગુરુવારે કમલેશભાઈ પત્ની ચિંતાદેવીની દવા લેવા સુરત ખાતે આવ્યા હતા.

મહત્વની વાત એ છે કે, ચિંતાદેવીએ પતિને ના પાડી હતી કે, આજે તડકો બહુ છે એટલે કાલે શુક્રવારે જઈએ પરંતુ કમલેશકુમાર માન્યા નહી. તેઓ એજ દિવસે જવાનું નક્કી કરી બંને બાઈક ઉપર દવા લેવા જઈ રહ્યા હતા. ત્યારે અકસ્માતનો ભોગ બની ગયા હતા. પુણા પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**UPSC પરીક્ષામાં મોટો બદલાવ**

# હવે ફેસ આઈડેન્ટિફિકેશનથી ઉમેદવારોની ઓળખ ચકાસાશે



**પરીક્ષા** પ્રક્રિયામાં પારદર્શકતા વધશે અને નકલ-ગેરરીતિઓમાં ઘટાડો થશે

ગુજરાતમિત્ર વિશેષ

**સમય સાથે UPSCમાં થયેલા મુખ્ય અપડેટ્સ**

- અગાઉ ઓફલાઈન ફોર્મ ભરાતા, હવે સંપૂર્ણ ઓનલાઈન પ્રક્રિયા
- પોસ્ટ દ્વારા કાર્ડ મોકલવાની પદ્ધતિ બંધ કરી ડિજિટલ એડમિટ કાર્ડ
- વધુ સચોટ અને ઝડપી મૂલ્યાંકન માટે આધુનિક OMR સિસ્ટમ
- પરીક્ષા કેન્દ્રોમાં CCTV અને સર્વેલન્સ
- ફિંગરપ્રિન્ટ અથવા અન્ય ડેટા દ્વારા ઓળખ

સુરતઃ યુપીએસસી દ્વારા પરીક્ષા પ્રણાલીમાં મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજીકલ સુધારો કરવામાં આવ્યો છે. હવે આવનારી પરીક્ષાઓમાં ઉમેદવારોની ઓળખ ચકાસવા માટે ફેસ આઈડેન્ટિફિકેશન (Face Recognition) ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કરવામાં આવશે. આ પગલું પરીક્ષા પ્રક્રિયાને વધુ પારદર્શક અને નકલમુક્ત બનાવવા માટે લેવાયું છે.

તાજેતરમાં નવી દિલ્હી સ્થિત યુપીએસસીની પરીક્ષા અંગે યોજાયેલી બેઠકમાં હાજરી આપી આવેલા સુરત જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારઘીએ જણાવ્યું હતું કે હવે આ પરીક્ષામાં નવી સિસ્ટમ અપ્લાય થશે.

યુપીએસસીમાં અત્યાર સુધી ઉમેદવારોની ઓળખ માટે પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ થતો હતો. એડમિટ કાર્ડ સાથે ફોટો ચકાસણી, સરકારી ઓળખપત્ર (આધાર કાર્ડ, પાન કાર્ડ વગેરે)ની તપાસ, પરીક્ષા કેન્દ્ર પર ઇન્વિજિલેટર દ્વારા મેન્યુઅલ વેરિફિકેશન અને કેટલીક પરીક્ષાઓમાં હાજરી માટે સહી અને ફોટોગ્રાફ મેળવો જેવી પદ્ધતિઓ લાંબા સમયથી અમલમાં હતી. પરંતુ તેમાં માનવીય ભૂલો અથવા ઇમ્પરસોનેશન (બીજાની જગ્યાએ પરીક્ષા આપવી) જેવી ઘટનાઓની સંભાવના રહેતી હતી. નવી વ્યવસ્થા મુજબ ઉમેદવારનો ચહેરો પરીક્ષા કેન્દ્ર પર સ્કેન કરવામાં આવશે. આ સ્કેન ડેટા અરજી સમયે આપેલી ફોટોગ્રાફ સાથે મેળ ખાશે. એઆઈ આધારિત સિસ્ટમથી તરત જ ઓળખની પુષ્ટિ થશે. શંકાસ્પદ કિસ્સાઓમાં તાત્કાલિક તપાસ શક્ય બનશે. આથી ડમી ઉમેદવાર અથવા ફ્રોડ એન્ટ્રી જેવા કિસ્સાઓને રોકવામાં મદદ મળશે.

યુપીએસસી દ્વારા લેવામાં આવેલ આ નવું પગલું પરીક્ષા પ્રણાલીને ડિજિટલ અને સુરક્ષિત બનાવવાની દિશામાં એક મોટું આગળનું પગથિયું છે.

# ડુમસના કરોડોના પાંચ પ્લોટ પચાવી પાડનાર ઝડપાયો

**મહુવાના** અનાવલના આરોપીએ બોગસ સહીના આધારે નકલી સોદાચિઠ્ઠી બનાવી

**સોશિયલ મીડિયાથી દસ્તાવેજો મેળવી પ્લોટ હડપવાનું સુવિયોજિત કાવતરું**

મૂળ માલિકોએ વર્ષ 2012માં કાયદેસર રીતે ખરીદેલા પાંચ અલગ પ્લોટોને ટાર્ગેટ કરી આરોપીઓએ પહેલેથી માહિતી એકત્રિત કરી. મુખ્ય સૂત્રધાર મોહસીન પઠાણે મુંબઈમાં ફરીયાદીના જમાઈ મહેદી હશનનો સંપર્ક સાધી વિશ્વાસ જીત્યો અને તેમના મોબાઇલમાં આધાર કાર્ડના ફોટા મેળવી લીધા.આ ડોક્યુમેન્ટ્સના આધારે પાસપોર્ટ સાઇઝના ફોટા તૈયાર કરી ખોટી ઓળખ ઉભી કરવામાં આવી. ત્યારબાદ ઐયુબભાઈ મલેકના નામે 21 ફેબ્રુઆરી 2025ની ખોટી સોદાચીઠ્ઠી બનાવી, જેમાં મૂળ માલિકો અને સાહેદોના બનાવટી હસ્તાક્ષર મૂકાયા. સાથે જ 8 ફેબ્રુઆરી 2025ના રોજ અખબારમાં ખોટી જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી સોદાને કાયદેસર દેખાડવાનો પ્રયાસ કર્યો હતો.

સુરતઃ ડુમસમાં કરોડોની કિંમતના પાંચ પ્લોટ પચાવી પાડવા માટે બોગસ સોદાચીઠ્ઠી અને નકલી સહીઓ કરનાર ગેંગનો પર્દાફાશ કરી સુરત આર્થિક ગુના નિવારણ શાખા (ઇકો સેલ) એ એક આરોપીની ધરપકડ કરી છે.

ડુમસના સુલતાનાબાદ ખાતે જમીન ધરાવતા મોહમદ નઝીર અબ્દુલહય ખાને જમીન અંગેની કરેલી ફરિયાદની તપાસ સુરત ઇકોસેલે શરુ કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, તેમની માલિકીના પાંચ પ્લોટ પચાવી પાડવાના ઇરાદે મોહશીન કાદરમીયા પઠાણ અને ઐયુબ સામીયા મલેકે મળીને કાવતરું રચ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીઓએ ફરિયાદીની જાણ બહાર ડુમસના પ્લોટોની બોગસ સોદાચીઠ્ઠી તૈયાર કરી હતી. આ કાગળો પર ફરિયાદી તેમજ સાક્ષીઓની નકલી સહીઓ કરવામાં આવી હતી. આરોપી ઐયુબ મલેકના નામે ઉભી કરાયેલી આ બોગસ સોદાચીઠ્ઠીના આધારે આ પ્લોટો અન્ય કોઇ ત્રીજી વ્યક્તિને વેચી આર્થિક લાભ મેળવવાની પેરવી કરવામાં આવી રહી હતી. આ મામલે ગત ૧૯ જુલાઈ ૨૦૨૫ના રોજ ડી.સી.બી. પોલીસ મથકમાં છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો.આ કેસમાં ગત ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ પોલીસે મહુવા તાલુકાના અનાવલ ગામે રહેતા ૪૨ વર્ષીય મોહશીન કાદરમીયા પઠાણની ધરપકડ કરી હતી. આરોપીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેના તા. ૨૪/૦૪/૨૦૨૬ના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# બાળકી પર રેપ થતો હતો ત્યારે જ માતા પહોંચી ગઈ

**સારોલીમાં** ૩ વર્ષની માસૂમ બાળકી પર નરાધમનું દુષ્કર્મ

**લોકોએ** મેથીપાક ચખાડી પોલીસને સોંપ્યો

**લોકોએ નરાધમને બરાબરનો મેથીપાક ચખાડ્યો**

માસૂમ બાળકી સાથેની આ ક્રૂરતા જાણી લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. લોકોએ નરાધમ મોજબ્બીરને પકડી પાડી સ્થળ પર જ મેથીપાક ચખાડ્યો હતો અને ત્યારબાદ સારોલી પોલીસને જાણ કરી હતી. પોલીસે ત્વરિત ઘટનાસ્થળે પહોંચી આરોપીની અટકાયત કરી હતી. સારોલી પોલીસે આ મામલે ભોગ બનનાર બાળકીના પરિવારની ફરિયાદના આધારે આરોપી મોજબ્બીર મોહમ્મદ હસામુદીન વિરુદ્ધ બળાત્કાર તથા પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતઃ શહેરના સારોલી વિસ્તારમાં માત્ર ૩ વર્ષની ફૂલ જેવી બાળકીની એકલતાનો લાભ ઉઠાવી એક વિધર્મી યુવકે તેની હવસ સંતોષવાનો પ્રયાસ કર્યો હતો. બાળકી જ્યારે બાથરૂમ ગઈ ત્યારે પાછળથી ઘુસી ગયેલા આ નરાધમને માતાએ રંગેહાથ પકડી પાડ્યો હતો. આક્રોશિત લોકોએ નરાધમની શાન ઠેકાણે લાવી પોલીસને હવાલે કરતા પોલીસે પોક્સો અને બળાત્કારની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

સારોલી વિસ્તારમાં આવેલી એક વસાહતમાં એક પરિવાર ખાતામાં મજૂરી કામ કરી ગુજરાન ચલાવે છે. ગત તારીખ ૨૩/૪/૨૦૨૬ના રોજ બપોરના સમયે દંપતી નીચે ખાતામાં કામ કરી રહ્યું હતું, જ્યારે તેમની ૩ વર્ષની માસૂમ પુત્રી ઉપરના રૂમમાં એકલી હતી.

આ દરમિયાન બાળકીની માતા તેના પતિને જમવા માટે બોલાવવા નીચે ગઈ હતી. આ પળવારની એકલતાનો લાભ નજીકમાં જ રહેતા અને મૂળ બિહારના વતની એવા મોજબ્બીર મોહમ્મદ હસામુદીન નામના શખ્સે ઉઠાવ્યો હતો. નરાધમ મોજબ્બીર અગાસી પરથી છૂપી રીતે રૂમમાં પ્રવેશ્યો હતો. આ સમયે માસૂમ બાળકી બાથરૂમમાં ગઈ હતી, જેની પાછળ તે પણ ઘસી ગયો હતો.નરાધમે બાળકીના કપડાં કાઢી તેના ગુપ્ત ભાગો સાથે ગંભીર રીતે શારીરિક અડપલાં કર્યા હતા.જોકે, આ દરમિયાન બાળકીની માતા અચાનક રૂમમાં આવી પહોંચતા તેને બાથરૂમમાં કંઈક અજુગતું થતું હોવાનો અહેસાસ થયો હતો. માતાએ તપાસ કરતા પુત્રીની હાલત જોઈ સ્તબ્ધ થઈ ગઈ હતી અને હવસખોર મોજબ્બીરને રંગેહાથ પકડી પાડ્યો હતો.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### 3,000 કેમેરાની...

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. સૌરભ પારધીની અધ્યક્ષતામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યું હતું કે, આ ચૂંટણીમાં સુરત શહેર અને જિલ્લામાં એક મહાનગરપાલિકા, ચાર નગરપાલિકા, ૩૬ જિલ્લા પંચાયત અને ૨૦૪ તાલુકા પંચાયત બેઠકો માટે મતદાન થશે. જેમાંથી કેટલીક બેઠકો બિનહરીફ થતા બાકી બેઠકો પર જ મતદાન યોજાશે. મનપામાં ૩૦ વોર્ડમાં ૪૮૩ ઉમેદવારો, નગરપાલિકામાં ૨૨૪, જિલ્લા પંચાયતમાં ૮૮ અને તાલુકા પંચાયતમાં ૫૧૩ ઉમેદવારો મેદાનમાં છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું કે, શહેરના ૩૦ વોર્ડ સહિત સંવેદનશીલ વિસ્તારોમાં શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે ૯,૫૦૦થી વધુ પોલીસ જવાનો તૈનાત રહેશે. શહેરની દેખરેખ માટે ૩,૦૦૦ CCTV કેમેરા, ૧૨૫ વીડિયો કેમેરા અને ૯૦૦ બોડી-વોર્ન કેમેરાનો ઉપયોગ થશે.

કુલ મળીને સુરત જિલ્લામાં ચૂંટણીને લઈને તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. કડક સુરક્ષા, વ્યાપક આયોજન અને સુવિધાઓ વચ્ચે મતદારોને નિર્ભય રીતે મતદાન કરવા અપીલ કરવામાં આવી છે.

### 2 જ વર્ષમાં...

પનીર ચપોચપ ખપી જાય છે અને મતદારો તે ખાઈને બીમાર પડી રહ્યા છે. મહાપાલિકાનું ફુડ વિભાગ છે પરંતુ તેણે અત્યાર સુધી કશું કર્યું નહીં અને નેતાઓ પણ અત્યાર સુધી મૌન જ બેસી રહ્યા. નકલી પનીર અને ઘી લોકોને કેન્સર સુધીની બીમારી આપી શકે છે ત્યારે એ મુદ્દો ખૂબ જ મહત્વનો બની ગયો છે કે ક્યાં સુધી આ નકલી પનીર અને ઘી વેચાતું રહેશે? છેલ્લા 2 વર્ષમાં આશરે 3 લાખ કિલો નકલી પનીર સપ્લાય થયું છે. હવે માત્ર ડોર ટુ ડોર જ પ્રચાર થશે એટલે કે નેતાઓ મત માંગવા માટે મતદારોના ઘરો સુધી આવશે ત્યારે મતદારો તેનો હિસાબ માંગી શકે છે.

### સોશિયલ મીડિયા...

કડક કાર્યવાહી થશે. ૨૪x૭ સોશિયલ મીડિયા મોનિટરિંગ ટીમ કાર્યરત રહેશે.

### સુરતમાં નકલી...

- માર્ચ-૨૦૨૬માં ઉમરા વેલંજા વિસ્તારના ‘અવસર પ્લાઝા’માંથી નકલી ઘીનું કારખાનું પકડાયું હતું.
- માર્ચ-૨૦૨૪માં રાંદેરના ગોગા ચોક વિસ્તારમાંથી ૨૨૫ કિલો નકલી ઘી બનાવતું કારખાનું ઝડપાયું હતું.

### માંડવીમાં કારમાંથી...

સુરેખાબેન વલ્લભભાઈએ કરી હતી. જ્યારે ઘટના પાછળનું સાચું કારણ શોધવા માટેની વધુ તપાસ માંડવી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મુકેશભાઈ રૂવિયાભાઈ ચલાવી રહ્યા છે. એક આશાસ્પદ યુવાન તબીબના અચાનક અને ભેદી મોતથી પરિવાર તેમજ સ્થાનિક તબીબી આલમમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. તબીબ ચાર દિવસથી રજા પર હોવાની પ્રાથમિક વિગતો જાણવા મળી છે. આ બનાવમાં પોલીસ ગુનો નોંધી લાશને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડી હતી. પોલીસની સઘન તપાસ અને પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ ડોક્ટરના મોતના ચોક્કસ કારણ પરથી પડદો ઊંચકાશે.

### સુરત કોર્ટમાંથી...

લઈ ચોથા માળેથી ગાયબ થઈ ગયો હતો. કોર્ટ પરિસર જેવા સંવેદનશીલ સ્થળેથી આરોપી ભાગી છૂટતા પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી. ઉમરા પોલીસે આ ઘટનાને પડકાર તરીકે લઈ તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી હતી. CCTV ફૂટેજ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે પોલીસે અનુમાન લગાવ્યું હતું કે આરોપી તેના વતન બારડોલી તરફ ભાગી શકે છે. ૨૩ એપ્રિલની વહેલી સવારે જ્યારે ચિરાગ પારેખ બારડોલી સ્થિત પોતાના ઘરે પહોંચ્યો, ત્યારે ત્યાં પહેલેથી જ વોચ ગોઠવીને બેઠેલી ઉમરા પોલીસની ટીમે તેને ચારેબાજુથી ઘેરી લીધો હતો. આરોપી કંઈ સમજે કે ફરી ભાગવાનો પ્રયાસ કરે તે પહેલાં જ પોલીસે તેને દબોચી લીધો હતો. હાલ આરોપી વિરુદ્ધ પોલીસ કસ્ટડીમાંથી ભાગવા બદલ અલગથી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

### આપઘાત પહેલા...

ખ્યાતિએ અંતિમ પગલું ભરતા પહેલા ભાઈ-બહેન સાથે વીડિયો કોલ પર હસતા મુખે વાત કરી હતી. હવે આ ‘હસતા ચહેરા’ પાછળ કયું દર્દ છુપાયેલું હતું તે જાણવા ઉમરા પોલીસે ખ્યાતિનો આઈફોનના FSL (ફિંગરપ્રિન્ટ એન્ડ સાયન્સ લેબોરેટરી) રીપોર્ટની રાહ જોઈ રહી છે.

મળતી માહિતી મુજબ, ખ્યાતિના ભાઈ સિદ્ધાર્થ અને બહેન અનુષ્કા હાલ અમેરિકામાં અભ્યાસ કરી રહ્યા છે. થોડા દિવસોમાં જ તેમનો પદવીદાન સમારોહ યોજાવાનો હોવાથી પિતા દીપક બંસલ અને માતા સીમા બંસલ વિદેશ જવાની તૈયારીમાં હતા. ખ્યાતિ આ પ્રસંગને લઈ અત્યંત ઉત્સાહિત હતી. આત્મહત્યાના ગણતરીના કલાકો પહેલા જ તેણે વોટ્સએપ ગ્રુપમાં ભાઈ-બહેન સાથે વીડિયો કોલ પર લાંબી ગોષ્ઠિ કરી હતી. બહેને જ્યારે તેને નવા ચંપલ મોકલવાની વાત કરી ત્યારે પણ ખ્યાતિના ચહેરા પર કોઈ તણાવ નહોતો. મંગળવારે સવારે ૧૧:૩૦ વાગ્યે ખ્યાતિએ તેના પિતા સાથે અત્યંત સામાન્ય લહેજામાં વાત કરી હતી. બપોરે ૨ થી ૪ના સમયગાળા વચ્ચે તેણે આત્મહત્યા કરી લીધી હતી.

### ખ્યાતિના પતિ...

કે ખ્યાતિનો આઇફોન લોક છે જેથી તેની વોટ્સએપ ચેટ મળી નથી અને અન્ય કોલની માહિતી મળી આવી નથી. સમગ્ર માહિતી માટે મોબાઈલ FSL માં મોકલવામાં આવ્યો છે.લોક ખોલવા માટે ખ્યાતિના પતિ પાસે કોઈ માહિતી ન હોવાની વાત પણ શંકા દોરી રહી છે.સાથે સાથે પોલીસ તપાસમાં પણ કોઈ કચાશ હોવાની ગંધ આવી રહી છે

### કાદર...

સાહિદને ધમકાવતા કહ્યું હતું કે ‘તારે જે ફરિયાદ કરવી હોય તે કરી દેજે, હું તેને છોડાવી દઈશ’. જોકે, ત્યાં હાજર અન્ય એક પરિચિત શખ્સ રહેમાને મામલો થાળે પાડવાનો પ્રયાસ કરતા તે સમયે ત્રણેય શખ્સો ત્યાંથી ચાલ્યા ગયા હતા.

રાત્રિના આશરે સાડા દસેક વાગ્યાના અરસામાં જ્યારે સાહિદ અને તેનો ભાઈ ઓફિસની બહાર ઉભા હતા, ત્યારે પેલો અજાણ્યો શખ્સ મોપેડ લઈને પરત આવ્યો હતો. તેણે પોતાની કમરના ભાગેથી તીક્ષ્ણ ચપ્પુ કાઢી સૌ પ્રથમ મુર્તુઝા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેને પગના ભાગે સામાન્ય ઈજા થઈ હતી. ત્યારબાદ સાહિદ પર હુમલો કરી તેની પીઠના નીચેના ભાગે ચપ્પુનો ઘા ઝીંકી દીધો હતો. હુમલા બાદ આરોપી ‘જાનથી મારી નાખવાની’ ધમકી આપી ફરાર થઈ ગયો હતો.ઈજાગ્રસ્ત સાહિદને તાત્કાલિક ડિવાઈન હિબા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. રાંદેર પોલીસે આ મામલે ગુનો નોંધી અજાણ્યા શખ્સની શોધખોળ હાથ ધરી છે. ઘટનાની ગંભીરતાને જોતા પીએસઆઈ એન.એન. પરમારે વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રેમલગ્ન કરનાર દીકરીનું માતા-પિતા અપહરણ કરી ગયાં

**યુવતીનાં** માતા-પિતા સહિત ચાર સામે અમરોલી પોલીસમાં ગુનો નોંધાયો

સુરતઃ અમરોલી વિસ્તારમાં પ્રેમ લગ્ન કરનાર એક યુવતીનું તેના જ પિતા અને માતાએ અન્ય સાગરીતો સાથે મળી ઘરમાં ઘૂસી અપહરણ કર્યું હોવાની ઘટના સામે આવી છે. દીકરીની મરજી વિરુદ્ધ તેને બળજબરીથી લિફ્ટમાં પૂરી ખેંચી જનારા પિતા અને માતા સહિત ૪ વિરુદ્ધ સાસુએ અમરોલી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ, અમરોલીના વરીયાવ છાપરાભાઠા રોડ પર આવેલી હેવન એન્કલેવ રેસિડેન્સીમાં રહેતા લક્ષ્મીબેન કળથીયાના પુત્ર હીરેને ગત ડિસેમ્બર માસમાં કતારગામની રીતિકા હરેશભાઈ ભરોડીયા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. આ લગ્નથી રીતિકાના પિતા હરેશભાઈ અને માતા જાગૃતીબેન નારાજ હતા. ગઈકાલે બપોરે જ્યારે લક્ષ્મીબેન અને તેમની વહુ રીતિકા ઘરે એકલા હતા, ત્યારે રીતિકાના માતા-પિતા બે અજાણ્યા માણસો સાથે ધસી આવ્યા હતા. આરોપીઓએ ઘરમાં ઘૂસી રીતિકાને પકડી લીધી હતી. રીતિકાએ સાથે જવાની ના પાડી હોવા છતાં, પિતા હરેશભાઈ અને અન્ય લોકોએ તેને હાથ-પગથી પકડી બળજબરીથી ખેંચી જવાનું શરૂ કર્યું હતું. એપાર્ટમેન્ટના અન્ય રહીશો પણ બહાર દોડી આવ્યા હતા, પરંતુ આરોપીઓએ કોઈનું પણ સાંભળ્યા વગર રીતિકાને લિફ્ટમાં પૂરી દીધી હતી અને તેનું અપહરણ કરી ફરાર થઈ ગયા હતા.

ઘટના બાદ લક્ષ્મીબેને પુત્ર હીરેનને જાણ કરતાં તે તાત્કાલિક ઘરે પહોંચ્યો હતો. તેણે સસરા હરેશભાઈના મોબાઈલ પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ફોન સ્વીચ ઓફ આવતો હતો. અંતે આ મામલે લક્ષ્મીબેને અમરોલી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે હરેશભાઈ ભરોડીયા, જાગૃતીબેન અને અન્ય બે શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### ઇરાનના વિદેશ....

અમેરિકા સાથે શાંતિ વાટાઘાટોના પ્રથમ રાઉન્ડનું નેતૃત્વ કરનાર સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘેર ગાલિબાફ આ પ્રતિનિધિમંડળનો હિસ્સો હશે કે કેમ તે અંગે હજુ સ્પષ્ટતા નથી. શહબાઝ શરીફ સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે અરાઘચી નાના પ્રતિનિધિમંડળ સાથે ઈસ્લામાબાદ પહોંચે તેવી અપેક્ષા છે. તેમણે પીટીઆઈને જણાવ્યું કે, પાકિસ્તાની મધ્યસ્થી ટીમ સાથેની મહત્વપૂર્ણ ચર્ચા બાદ, ઈસ્લામાબાદમાં યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે બીજા રાઉન્ડની શાંતિ વાટાઘાટો યોજાય તેવી શક્યતા છે. તેમણે વધુમાં જણાવ્યું કે વાટાઘાટોની પ્રક્રિયામાં મદદ કરવા માટે અમેરિકાની લોજિસ્ટિક્સ અને સુરક્ષા ટીમ પહેલેથી જ ઈસ્લામાબાદમાં હાજર છે. અધિકારીએ કહ્યું કે એકવાર ઈરાની પ્રતિનિધિમંડળ અહીં આવી જાય અને યુએસ ટેકનિકલ ટીમ સાથે વાતચીતનું માળખું નક્કી કરી લે, ત્યારપછી શનિવારે રાત્રે ઉચ્ચ સ્તરીય અમેરિકી પ્રતિનિધિમંડળ અહીં આવે તેવી સંભાવના છે, પરંતુ આ બધું ઈરાન સાથેની સમજૂતી પર નિર્ભર છે.

આ ઘટના વિકાસ નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડાર અને અરાઘચી વચ્ચે ફોન પર થયેલી વાતચીતના કલાકો બાદ થયો છે, જેમાં બંનેએ અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ અને પાકિસ્તાનના રાજદ્વારી પ્રયાસો પર વિચારોની આપ-લે કરી હતી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ડારે પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા વધારવા માટે બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા સતત સંવાદ અને જોડાણના મહત્વ પર ભાર મૂક્યો હતો. અરાઘચીએ આ બાબતે પાકિસ્તાનની રચનાત્મક ભૂમિકાની પ્રશંસા કરી હતી. ઈરાની મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે અરાઘચીએ શુક્રવારે આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે પણ વાત કરી હતી, જો કે પાકિસ્તાન તરફથી આ અંગે કોઈ પુષ્ટિ મળી નથી.

### ઇસ્લામાબાદમાં પાંચ દિવસથી બજારો, બેંકો, બસો વગેરે બંધ!

ઇરાન- અમેરિકાની મંત્રણાઓની અચોક્કસતા અને યોગ્ય કાર્યક્રમ નક્કી નહીં થઇ શકતો હોવાથી પાકિસ્તાનની રાજધાનીના શહેર ઇસ્લામાબાદમાં દિવસોથી ભારે સુરક્ષા વ્યવસ્થા છે અને સામાન્ય નાગરિકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. ઇસ્લામાબાદમાં અત્યારે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યાં અનેક વિસ્તારોમાં મુખ્ય રસ્તાઓ, બજારો અને બેંકો છેલ્લા પાંચ દિવસથી બંધ છે, અને ૧૦,૦૦૦થી વધુ સુરક્ષા કર્મચારીઓ તૈનાત છે. મેટ્રો બસ સેવા અને વીજળીથી ચાલતી બસો પણ બંધ કરવામાં આવી છે, જેના કારણે સામાન્ય જનતાને ભારે મુશ્કેલી પડી રહી છે.

### લેબેનોન અને....

બીજી હતી, તે ખૂબ જ સારી રહી હતી, પરંતુ ઓવલ ઓફિસમાં એક મેળાવડા દરમિયાન તેમણે સ્વીકાર્યું હતું કે તેમણે હિઝબુલ્લાહ વિશે વિચારવું પડશે. ઈરાન સમર્થિત આ જૂથે મંત્રણાનો વિરોધ કર્યો છે, અને ગયા શુક્રવારથી પ્રારંભિક યુદ્ધવિરામ અમલમાં આવ્યો ત્યારથી બંને પક્ષો દ્વારા તેનું અનેકવાર ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

તેમ છતાં, ઇઝરાયેલ અને લેબનોન વચ્ચે દાયકાઓમાં આ પ્રથમ સીધી રાજદ્વારી મંત્રણા હતી અને તે પડોશી દેશો માટે એક મોટું પગલું હતું જે ૧૯૪૮માં ઇઝરાયેલની સ્થાપના થઈ ત્યારથી સત્તાવાર રીતે યુદ્ધની સ્થિતિમાં છે. અગાઉનો ૧૦ દિવસનો યુદ્ધવિરામ સોમવારે પૂરો થવાનો હતો.

ટ્રમ્પે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, યુનાઇટેડ સ્ટેટ્સ લેબનોનને હિઝબુલ્લાહથી પોતાની રક્ષા કરવામાં મદદ કરવા માટે તેની સાથે મળીને કામ કરશે. તેમણે પાછળથી ઓવલ ઓફિસમાં ઉમેર્યું હતું કે તેઓ આગામી બે અઠવાડિયામાં ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને લેબનોનના પ્રમુખ જોસેફ આઉન સાથે વોશિંગ્ટનમાં મુલાકાત કરે તેવી અપેક્ષા છે.

ઉપપ્રમુખ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રુબિયો તેમજ રાજદૂતોથી ઘેરાયેલા ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે, જો ઇઝરાયેલ પર ગોળીબાર કરવામાં આવે તો તેમને પોતાની રક્ષા કરવાનો અધિકાર છે, અને તેઓ તે કરશે. ઇઝરાયેલના રાજદૂત યેચિયલ લેઇટરે જણાવ્યું હતું કે, અમને આશા છે કે સાથે મળીને, તમારા નેતૃત્વ હેઠળ, અમે નજીકના ભવિષ્યમાં ઇઝરાયેલ અને લેબનોન વચ્ચે શાંતિને ઔપચારિક રૂપ આપી શકીશું.

### આતંકી મસૂદના......

મળતો પણ નથી. નવા ભરતી થયેલા આતંકીઓ અઝહરને હીરો તરીકે જોતા હતા, પરંતુ હવે તેમને અન્ય નેતાઓ સંબોધિત કરી રહ્યા છે, જેના કારણે કેડરમાં ભારે નિરાશા જોવા મળી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જૈશ અત્યારે જૂના વીડિયો અને ઓડિયો ક્લિપ્સ દ્વારા કેડરને મનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ હવે લોકોની ધીરજ ખૂટી રહી છે. ત્રાસવાદી સંગઠન અત્યારે નવા નેતાની શોધમાં છે. એકવાર નવો નેતા મળી જાય, ત્યાર બાદ જ મસૂદ અઝહરની વાસ્તવિક સ્થિતિ વિશે કેડરને જાણ કરવામાં આવે તેવી

### આરબીઆઈએ....

કાર્યરત થયેલી આ પેમેન્ટ્સ બેંક હવે કોઈ પણ પ્રકારની બેંકિંગ પ્રવૃત્તિ કરી શકશે નહીં. આ નિર્ણય પેટીએમની પેરેન્ટ કંપની ‘વન97 કમ્યુનીકેશન લિ.’ માટે મોટો ફટકો માનવામાં આવે છે.

### વડાપ્રધાન નરેન્દ્ર.....

પર તેમની નદીની સફરની કેટલીક તસવીરો પોસ્ટ કરી હતી, જેમાં તેઓ હાથમાં કેમેરા સાથે લાકડાની હોડી પર બેઠેલા જોવા મળે છે, અને પૃષ્ઠભૂમિમાં પ્રતિષ્ઠિત હાવડા બ્રિજ અને વિદ્યાસાગર સેતુ દેખાઈ રહ્યા છે. વડાપ્રધાને X પર જણાવ્યું હતું કે, મેં આ મહાન નદીની ફોટોગ્રાફી કરવામાં હાથ અજમાવ્યો. સાથે જ વિદ્યાસાગર સેતુ અને હાવડા બ્રિજને નજીકથી જોવાની તક મળી. તેમણે કહ્યું કે દરેક બંગાળી માટે ગંગા ખૂબ જ વિશેષ સ્થાન ધરાવે છે. મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું, એમ કહી શકાય કે ગંગા બંગાળના આત્મામાં વહે છે. તેના પવિત્ર જળ સમગ્ર સભ્યતાની શાશ્વત ભાવનાને વહન કરે છે. આજે સવારે કોલકાતામાં, મેં હુગલી નદીના કિનારે થોડો સમય વિતાવ્યો, જે મા ગંગા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની એક તક હતી. હુગલી એ ગંગા નદીની જ એક શાખા છે.

વડાપ્રધાને કહ્યું કે આ પ્રવાસ દરમિયાન તેમને હોડીવાળાઓ, જેમનો મહેનતુ સ્વભાવ પ્રશંસનીય છે, અને મોર્નિંગ વોકર્સને મળવાની તક મળી હતી. રાજ્ય ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે મોદીએ ગુરુવારે સાંજે હાવડાથી કોલકાતા સુધી રોડ શો કર્યા બાદ રાત્રિ રોકાણ અહીં લોક ભવનમાં કર્યું હતું. તેઓ આજે સવારે નૌકાવિહાર કરવા માટે સીધા પ્રિન્સેપ ઘાટ ગયા હતા. મોદીએ કહ્યું કે ગઈકાલે સાંજે, હાવડાથી કોલકાતા સુધીના લાંબા રોડ શો દરમિયાન, હું હાવડા બ્રિજ પર હતો. અને આજે સવારે, મેં આ બ્રિજ હુગલી નદી પરથી જોયો!, મોદીએ એમ પણ કહ્યું કે, હુગલી નદી પરથી, મેં પશ્ચિમ બંગાળના વિકાસ અને મહાન બંગાળી લોકોની સમૃદ્ધિ માટે કામ કરવાની અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

### રાઘવ ચઢ્ઢા...

ખોટી પાર્ટીમાં સાચો માણસ છું. બીજી તરફ સંદીપ પાઠકે 10 વર્ષના જોડાણ બાદ અલગ થવા પર દુઃખ વ્યક્ત કર્યું હતું. ચઢ્ઢા, જેઓ એક સમયે અરવિંદ કેજરીવાલના અત્યંત નજીકના સાથી હતા અને પંજાબની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, તેમના સંબંધો છેલ્લા એક વર્ષથી પક્ષ સાથે વણસ્યા હતા. પાર્ટીના નેતાઓએ તેમના પર ભાજપ પ્રત્યે નરમ વલણ રાખવાનો અને કેજરીવાલની ધરપકડ સમયે અને તેઓ કોર્ટમાં નિર્દોષ જાહેર થાય ત્યારે પણ મૌન રહેવાનો આરોપ લગાવ્યો હતો. આ કારણોસર તેમને સ્ટાર પ્રચારકોની યાદીમાંથી પણ બાકાત રાખવામાં આવ્યા હતા. જો કે કેજરીવાલ નિર્દોષ છૂટ્યા ત્યારે ચઢ્ઢા વિદેશમાં હતા.

### આપમાંથી પલાયનના...

છે. મિત્તલનો AAP છોડવાનો નિર્ણય ફેમા(FEMA) કેસ સંબંધિત પંજાબમાં તેમના રહેણાંક અને વ્યાપારી પરિસરો પર અમલીકરણ નિર્દેશાલય (ED)ના દરોડા પડ્યા બાદ તરત જ આવ્યો હતો.

AAP નેતા સંજય સિંહે આ સામુહિક પક્ષપલટા માટે ભાજપના ઓપરેશન લોટસને જવાબદાર ગણાવ્યું હતું. બહિર્ગમન બાદ તરત જ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં સિંહે આક્ષેપ કર્યો હતો કે સાતેય સાંસદોએ ED અને CBIની કાર્યવાહીના ડરથી પાર્ટી છોડી છે. AAPનો અગ્રણી ચહેરો રહેલા ચઢ્ઢા, ૨૦૨૪માં પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદથી વરિષ્ઠ નેતૃત્વની નજરમાંથી લગભગ ઉતરી ગયા હતા. માલીવાલ પછી, તેઓ બીજા એવા રાજ્યસભા સાંસદ હતા જેમનો ટોચના નેતૃત્વ સાથેનો અણબનાવ જાહેરમાં આવ્યો હતો. દરમિયાન, માલીવાલે એક લાંબી પોસ્ટમાં આરોપ લગાવ્યો હતો કે તેઓ પાર્ટીમાં બેરોકટોક ભ્રષ્ટાચાર, મહિલાઓ સામે જુલમ અને હુમલાની ઘટનાઓ અને કેજરીવાલના સંરક્ષણ હેઠળ ગુંડા તત્વોના પ્રોત્સાહનને જોતા આપ છોડી રહ્યા છે.

### રાજ્યસભામાં...

સભ્યો અને બે અપક્ષ સાંસદોનું સમર્થન મળવાની પણ શક્યતા છે, જેનાથી ભાજપના સમર્થકોની સંખ્યા ૧૨૨ પર પહોંચશે, જે બરાબર અડધો-અડધ આંકડો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ભાજપમાં જોડાયેલા AAPના સાત સાંસદોને મંજૂરી મળી શકે છે કારણ કે તેઓ રાજ્યસભામાં AAP સંસદીય પક્ષના બે-તૃતીયાંશથી વધુ સભ્યો છે. ૨૦૨૯માં ધારાસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામત લાગુ કરવા અને લોકસભા બેઠકોની સંખ્યા વધારીને ૮૧૬ કરવા માટેનું મહત્વનું ‘બંધારણ (૧૩૧મો સુધારો) બિલ’ ૧૭ એપ્રિલે લોકસભામાં પરાસ્ત થયું હતું, કારણ કે NDA બે-તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ રહી હતી. વર્તમાન NDA સરકાર દરમિયાન આ પ્રથમ વખત બન્યું હતું કે કોઈ બંધારણીય સુધારો બિલ પરાજિત થયું હોય.

### હોડીવાળાને અચાનક...

હોડી હંકારી રહ્યો હતો. વિશ્વાસે જણાવ્યું કે આ મુસાફરી એક કલાકથી ઓછા સમયની હતી અને મોદીએ મને 1,000 રૂપિયા ચૂકવ્યા હતા.

### પંજાબમાં આપનું...

**રાજ્યસભા સાંસદોમાંથી સાત સભ્યો ભાજપમાં ભળી ગયા છે અને તેમાંથી છ પંજાબના છે. તેમણે બંધારણીય બે-તૃતીયાંશ વિલીનીકરણની જોગવાઈનો સહારો લીધો છે જે તેમને ગેરલાયક ઠરવાથી બચાવે છે. પંજાબમાંથી હવે AAPના એકમાત્ર રાજ્યસભા સાંસદ બલબીર સિંહ સીચેવાલ છે – જેઓ પર્યાવરણવાદી, પદ્મશ્રી વિજેતા અને પાયાના સ્તરના વ્યક્તિત્વ ધરાવે છે, અને 160 કિમી લાંબી કાલી બેઈન નદીને પુનર્જીવિત કરવા માટે જાણીતા છે.**

### અશોક મિત્તલને...

**હતા. ૧૫ એપ્રિલના રોજ, EDએ ફેમા (FEMA) તપાસના ભાગરૂપે પંજાબમાં આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ અશોક મિત્તલ સાથે સંકળાયેલા વ્યાપારી એકમો પર દરોડા પાડ્યા હતા. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને સાંસદ સંજય સિંહે ભાજપ પર ઓપરેશન લોટસના ભાગરૂપે કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગના આક્ષેપો કર્યા છે. માને પક્ષ છોડી ગયેલા સાંસદોની પણ સખત ઝાટકણી કાઢી હતી.**

### પ્રચાર બંધ,...

છ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં સરેરાશ ૪૬.૧% મતદાન નોંધાયું હતું. જે આવનારી ચૂંટણીમાં વધે તેવી શક્યતા છે. ચૂંટણીના દિવસે ગરમી પણ મોટુ પરિબળ પુરવાર થઈ શકે છે. હવામાન વિભાગે 42 ડિગ્રી સુધી તાપમાન પહોંચવાની શક્યતા વ્યક્ત કરી છે, જેના કારણે મતદાન સમય અને વ્યવસ્થા બંને મહત્વપૂર્ણ બનશે. બીજી તરફ, ચૂંટણીને શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ બનાવવા ગુજરાત પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવના માર્ગદર્શન હેઠળ 1 લાખથી વધુ સુરક્ષા જવાનો તૈનાત રહેશે, જેમાં 59,525 હોમગાર્ડ-જીઆરડી અને 41,383 વધારાની પોલીસ ફોર્સ સામેલ છે.સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પેટ્રોલિંગ, સરહદો પર કડક ચેકિંગ અને પોલીસ યુનિટો વચ્ચે સતત સંકલન માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. રાજ્યભરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વિશેષ મોનીટરીંગ કરવામાં આવશે.હવે પ્રચાર શાંત થતા મતદારોના મિજાજ પર સૌની નજર છે. 26 એપ્રિલે થનારા મતદાનમાં કયા પક્ષને જનતા આશીર્વાદ આપે છે અને શું રેકોર્ડબ્રેક મતદાન થશે–તેનો ખુલાસો 28 એપ્રિલે પરિણામ સાથે થશે.